ત્રિપદા એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત
"ધોરણ-૯ નો ગણિત સેમિનાર"
લેખકો / તજ્જ્ઞો / સંવાદકોનો પરિચય

1) ડૉ. પી. સી. વૈદ્ય

બોમ્બે યુનિવર્સિટી દ્વારા ગણિત વિષયમાં M.Sc. અને Ph.D. થયેલ છે. ઈ.સ. ૧૯૪૦થી ૧૯૭૨ સુધી કોલેજના અધ્યાપક તરીકે કાર્ય કરેલ છે. તેઓએ UPSCના અધ્યક્ષ, UPSCના સદસ્ય, ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ અને ગાંધી-વિદ્યાપીઠ 'વેડછી' ના કુલાધિપતિ તરીકે ફરજ બજાવેલ છે. અમેરિકા ને ઇંગ્લેન્ડની યુનિવર્સિટીઓનાં મુલાકાતી અધ્યાપક અને વૈજ્ઞાનિક તરીકે કાર્ય કરેલ છે. તેઓએ ઇન્ડિયન મેથેમેટિકલ સોસાયટી અને કલકત્તા મેથેમેટિકલ સોસાયટીનાં પ્રમુખ તરીકે કામગીરી બજાવેલ છે. ગુજરાત ગણિત મંડળના સ્થાપક અને પ્રમુખ છે. ગુજરાતનાં ગણિતનાં સાચા રાહબર છે.

2) ડૉ. બી. યુ. પારેખ

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાંથી ગણિતના વિષય સાથે B.Sc. B.ed. કરેલ છે. ૧૯૪૨થી ગણિત શિક્ષક તરીકે 15 વર્ષ નોકરી કરી. પોરબંદર કોલેજમાં અધ્યાપક, રીડર અને આચાર્ય તરીકે કામ કર્યા બાદ ગુજરાત સરકારના શિક્ષણ વિભાગમાં ડાયરેક્ટર બની નિવૃત્તિ પામ્યા છે. ૧૯૫૨માં તેમનું 'ભૂમિતિદર્શન' પુસ્તક પ્રકાશિત થયું હતું. તેમણે ગુજરાત પાઠ્યપુસ્તક બોર્ડના ડીરેક્ટર તરીકે ફરજ બજાવી છે. તેમજ તેમના પ્રકાશિત થયેલાં પુસ્તકો તથા અભ્યાસક્રમના ઘડવૈયા, સહલેખક તથા પરામર્શક છે.

3) પ્રો. દર્શનસિંગ બસન

ગણિતના વિષય સાથે પંજાબ યુનિવર્સિટીમાંથી બી.એ. અને ગુજરાત યુનિવર્સિટીમાંથી એમ.એ. થયેલ છે ૧૯૫૨થી ૧૯૯૦ સુધી કોલેજના ગણિતના અધ્યાપક તરીકે કાર્ય કરેલ છે. ગુજરાત યુનિવર્સિટીના ગણિત વિભાગમાં રીડર અને અધ્યાપક તરીકે કાર્ય કરેલ છે. તેઓના ૩૦ જેટલા સંશોધનપત્રો અને ૫ જેટલા પુસ્તકો પ્રસિદ્ધ થયેલ છે. 'મેથેમેટિક્સ ટુડે' ના મેનેજીંગ તંત્રી છે. ગુજરાત રાજ્ય પાઠ્ય-પુસ્તક મંડળના સહલેખક, પરામર્શક અને રીસોર્સ પર્સન છે.

4) પ્રો. મોહનભાઈ સુથાર

ગુજરાત યુનિવર્સિટી દ્વારા ગણિત વિષય સાથે B.A. કરી ૧૩ વર્ષ શિક્ષક તરીકે કામ કર્યા બાદ ૧૯૬૦થી કોલેજમાં ગણિતનાં અધ્યાપક તરીકે લગભગ ૨૪વર્ષ કામ કરી નિવૃત્ત થયા છે. કોમ્યુનીટી સાયન્સ સેન્ટર દ્વારા નવાગણિતનાં શિક્ષકો તૈયાર કરવામાં મહત્વનો ફાળો આપ્યો છે. ગુજરાત રાજ્ય પાઠ્ય-પુસ્તક મંડળના ગણિતનાં પુસ્તકોના સહલેખક તરીકે કામ કરતા આવ્યા છે. ગુજરાત યુનિ. ગ્રંથનિર્માણ બોર્ડ દ્વારા જે પુસ્તકો પ્રકાશિત થયા છે. ગુજરાત માધ્યમિક શિક્ષણબોર્ડના રિસોર્સપર્સન તરીકે પણ કામ કરેલ છે

૫) પ્રિ. બચુભાઈ રાવલ

ગુજરાત યુનિવર્સિટીમાંથી ગણિત સાથે B.Sc. B.Ed. કરી ૧૯૬૨થી ગણિતના શિક્ષક તરીકે કામ કરે છે. ૧૯૮૯થી માધ્યમિક શાળાના આચાર્ય તરીકે કામ કરે છે. ગુજરાત માધ્યમિક શિક્ષણબોર્ડના સંશોધન વિભાગના કી-પર્સન છે. તેમનું તાજેતરમાં ધો. ૧૨ (વિજ્ઞાન પ્રવાહ) ગણિત-૧નું સ્વાધ્યાય પુસ્તક પ્રકાશિત થયું છે.

૬) ડૉ. એ. પી. શાહ

ગુજરાત યુનિવર્સિટીમાંથી ગણિત સાથે M.Sc. અને Ph.D. થયેલ છે. એમ. જી. સાયન્સ કોલેજના ગણિતના અધ્યાપક છે. ધો. ૧૧-૧૨ના ગણિતના ગુજરાત રાજ્ય પાઠ્ય-પુસ્તક મંડળના સહલેખક કન્વીનર તેમજ પરામર્શક છે. ગુજરાત રાજ્ય ગ્રંથનિર્માણ બોર્ડના લેખક છે. ગુજરાત માધ્યમિક શિક્ષણબોર્ડના સંશોધન વિભાગના રીસોર્સ પર્સન છે.

૭) શ્રી વસંતભાઈ દોશી

B.Sc. બોમ્બે યુનિ. દ્વારા તથા B.Ed. & M.Ed. એમ.એસ. યુનિ. [illegible] વડોદરા દ્વારા કરેલ છે. મોરબીની માધ્યમિક શાળામાં લાંબા સમય સુધી શિક્ષક તરીકે ફરજ બજાવી છે. N.T.M. સુરેન્દ્રનગરમાં શિક્ષક તથા આચાર્ય બન્યા તે પછી માધ્યમિક શિક્ષણબોર્ડમાં પરીક્ષા વિભાગના સંયુક્ત સચિવ બન્યા. સુરેન્દ્રનગર જિલ્લાના D.P.O. અને D.E.O. બન્યા. થોડા સમય માટે સુરેન્દ્રનગર અધ્યાપન મંદિરમાં આચાર્ય તરીકે ફરજ બજાવી. ગણિતમાં ઘણાં પાઠ્ય-પુસ્તકો લખ્યા છે. જ્યારે ગણિત અંગ્રેજીમાંથી ગુજરાતીમાં શીખવવાનું શરૂ થયું ત્યારે તેમણે ધો. ૯ની ભૂમિતિ લખી તે પછી ઘણાં પાઠ્ય-પુસ્તકો લખ્યા છે. અત્યારે ધો. ૬,૪,૫ના પુસ્તકોના લેખક છે. નિવૃત્ત થયા છતાં પણ ગણિતની લેખન પ્રવૃત્તિમાં સક્રિય છે તથા બાળ પ્રવૃત્તિઓમાં પણ સક્રિય છે.

૮) ડૉ. આઈ. એચ. શેઠ

ગુજરાત યુનિવર્સિટીમાંથી ગણિત સાથે M.Sc. કરી કોલેજમાં ૧૯૬૨થી શૈક્ષણિક કાર્ય કરેલ છે. તેઓ M.S. યુનિ. દ્વારા Ph.D. થયા છે. ધો ૧૧-૧૨ના ગુજરાત રાજ્ય પાઠ્ય-પુસ્તક મંડળના પાઠ્ય-પુસ્તકોના સહલેખક છે. ગુજરાત ગ્રંથનિર્માણ બોર્ડ દ્વારા તેમનાં પાંચ ગ્રંથો પ્રકાશિત થયા છે. ગુજરાત યુનિ. અને હરિઓમ આશ્રમ દ્વારા રામાનુજન ગણિત સ્પર્ધા અને 'આર્યભટ્ટ' વિજ્ઞાન સ્પર્ધાના વ્યવસ્થાપક છે. હાલ ગુજરાત યુનિ.ના સ્કૂલ ઓફ સાયન્સમાં ગણિત વિભાગના પ્રાધ્યાપક છે.

૯) શ્રી હરાભાઈ પટેલ

ગણિતના વિષય સાથે બી. એસ. સી. અને બી. એડ. કરી કોલેજમાં ગણિતના શિક્ષક તરીકે માધ્યમિક કક્ષાએ કાર્ય કરેલ છે. 'સુગણિતમ્' માસિકમાં તેઓના લેખ પ્રસિદ્ધ થયેલ છે. ગુજરાત રાજ્ય પાઠ્ય-પુસ્તક મંડળના સહલેખક અને પરામર્શક છે તથા સંશોધન વિભાગના રીસોર્સ પર્સન છે.